અપીલ અરજી નં.૩૮૧ તા.૨૮–૧–૧૦

અરજદારઃ– શ્રી ગુલામભાઈ મેમણ

સામાવાળાઃ– ડે.કમિશ્નર(અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણની તા.૧૫–૧૨–૦૯ ની અરજીથી વેડરોડ વિશ્રામનગર સોસાયટીમાં આવેલ પ્લોટ નં.૧૨૬/૨૭,૨૮ વાળી જગ્યામાં થયેલા બાંધકામમાં ગેરકાયદેસર બાંધકામ કેટલુ જેના મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૮–૧–૧૦ ની અપીલ અરજી નં.૩૮૧/૨૦૦૯–૧૦

શ્રી ગુલામભાઈ મેમણની તા.૧૫–૧૨–૦૯ ની અરજીથી વેડરોડ વિશ્રામનગર સોસાયટીમાં આવેલ પ્લોટ નં.૧૨૬/૨૭,૨૮ વાળી જગ્યામાં થયેલા બાંધકામમાં ગેરકાયદેસર બાંધકામ કેટલુ જેના મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબતે અરજદારે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૮–૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા નં.આરટીઆઈ સેલ/૧૨૬૬ તા.૫–૨–૧૦ થી ડે.કમિશ્નર(અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.નોર્થઝોન/આ.નં.૭૯૫૫ તા.૧૭–૨–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં સેન્ટ્રલઝોન જાવક નં.૧૨૬૪ તા.૧૭–૧૨–૦૯ થી તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને નોર્થઝોન/આ.નં.૭૨૯૧ તા.૨૧–૧–૧૦ થી આપેલ માહિતીના પત્રની નકલ, ફી ભર્યાની રસીદની નકલ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૧૫–૧૨–૦૯ ની અરજીથી વેડરોડ વિશ્રામનગર સોસાયટીમાં આવેલ પ્લોટ નં.૧૨૬/૨૭,૨૮ વાળી જગ્યામાં થયેલા બાંધકામમાં ગેરકાયદેસર બાંધકામ કેટલુ મુદ્દા નં.૧ સદર જગ્યા પર થયેલા બાંધકામમાં ગેરકાયદેસર બાંધકામ કેટલું (૨) સદર જગ્યા પર થયેલા બાંધકામમાં ગેરકાયદેસર બાંધકામ થતું હતું ત્યારે રોકવા માટે કયા અધિકારી ગયા હતા તેમના નામ અને હોદ્દો જણાવશો. (૩) સદર બાંધકામમાં ગેરકાયદેસર બાંધકામ થયું ત્યારે ડીમોલીશન કરવા કેમ નહીં ગયા? જેની માહિતી. (૪) સદર જગ્યા પર થયેલા બાંધકામમાં કેટલા માળ છે અને માલિકો રહે છે કે ભાડુત જેની માહિતી. (૫) સદર બાંધકામમાં પાર્કીંગની જગ્યા છોડી છે? કેટલી? જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.નોર્થઝોન/આ.નં.૭૨૯૧ તા.૨૧–૧–૧૦ થી અત્રેના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં વિશ્રામનગર સોસા.માં આવેલ પ્લોટ નંબર ૧૨૬/૨૭/૨૮ માં થયેલ બાંધકામ બાબતે માહિતી ઉપલબ્ધ ન હોય મુદ્દા નં.૧ થી ૩ તથા ૫ અન્વયે કોઈ માહિતી આપી શકાશે નહીં તથા નોંધ વિભાગના પત્રમાં માહિતી નહીં આપવાના કારણમાં હાલમાં ટીપી + ટીડીઓ સિવાય વસ્તી ગણતરીની રાષ્ટ્રીય કામગીરી પ્રાયોરીટીના ધોરણે સમય મર્યાદામાં કરવાની થતી હોય અન્ય રૂટીન કામગીરીને પર્યાપ્ત સમય ફાળવી શકાતો નથી તેવું પૂરક વિગતોમાં જણાવેલ છે. તેમજ મુદ્દા નં.૪ ની પણ માહિતી આપેલ જણાતી નથી. અરજદારે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી માંગેલ જે સમય મર્યાદામાં આપેલ નહીં હોવાનું જણાવી તા.૨૮–૧–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. આરટીઆઈ એકટ હેઠળ કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી આપવાની જોગવાઈ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૫–૧૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૪ ની માહિતી પૂરી પડાયેલ ન હોઈ તથા મુદ્દા નં.૧ થી ૩ તેમજ ૫ અંગે જાહેર માહિતી અધિકારીના તા.૨૧–૧–૧૦ ના પત્રમાં જે દફતર ચકાસી સદર પ્રત્યુત્તર પાઠવેલ છે તે દફતરની તપાસણી કરવા અરજદારને દિન–૭ માં સૂચિત કરવા અને અરજદારે માંગણી કર્યેથી કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં ફી ભરપાઈ કરાવી તપાસણી પૂરી પાડી તેની જાણ અત્રે કરવા ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/

તારીખ : –૩ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),<br>અને એપેલેટ ઓફિસર<br>સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોન....જાણ તથા અમલ માટે

(૨) શ્રી ગુલામભાઈ મેમણ